## વડીલોને વંદન
## અભિનંદન



લાલજીભાઈ જે. રાજગુરુ
(૧૯૩૩) ફોન: ૨૩૨૨૭૦૬૬



જાની પ્રહલાદભાઈ એમ.
(૧૯૩૫) મો. ૮૧૪૦૪૮૯૦૧૮

# હિંમતનગરમાં યોજાયેલ મહાસંમેલનમાં હૂડા રદ કરવા ૧૧ ગામના લોકોનો હૂંકાર

હિંમતનગર, તા.૫

હિંમતનગર અને આસપાસમાં આવેલા ૧૧ ગામોનો હૂડામાં સમાવેશ કરવા માટે સુચિત જાહેરનામુ પ્રસિધ્ધ કરાતાની સાથે જ ખેતીની જમીન કપાતમાં જતા ગુસ્સે થયેલા ખેડૂતોએ હૂડા સંઘર્ષ સમિતિના નેજા હેઠળ હૂડા હટાવો આંદોલન શરૂ કર્યુ છે ત્યારે તે અંતર્ગત રવિવારે હિંમતનગરના માર્કેટયાર્ડમાં યોજાયેલ મહાસંમેલનમાં લોકોએ રોષ પૂર્વક જણાવ્યુ હતું કે અમારા ભોગે અમારે વિકાસ નથી જોઈતો. જેથી હૂડાનો અમલ રદ કરવો જોઈએ.

મહાસંમેલનમાં બોલતા સઘર્ષ સમિતિના અગ્રણી અને પૂર્વ સરપંચ જયેશભાઈ પટેલે સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યુ હતું કે હૂડાના વિકાસ માટે કેન્દ્ર અને રાજય સરકાર અંદાજે રૂા.૩૦૦ કરોડથી ઓછી સહાય આપવાની છે, જયારે હૂડામાં આવતા ગામોના વિકાસ માટે અમારી જમીન અને અમારા જ પૈસા ખર્ચાવાના છે. જેથી અમારે આવો વિકાસ જોઈતો નથી. હૂડા પાછળ અંદાજે રૂા.૩૬૦૦ કરોડનો ખર્ચ થવાનો છે. પરંતુ તેના કારણે નાના ખેડૂતોની જમીન કપાતમાં જતી રહેશે. જે અમને માન્ય નથી. બીજુ કે હિંમતનગરથી વસ્તીની દ્રષ્ટિએ મોટા ગણાતા મહેસાણા અને પાલનપુરમાં આવી કોઈ ઓથોરીટી સરકાર દ્વારા રચાઈ નથી, તો હિંમતનગરને શા માટે પસંદ કરાયુ છે તે સમજાતુ નથી.

મહાસંમેલનમાં બોલતા નવાના પૂર્વ સરપંચ નલીનભાઈ પટેલે જણાવ્યુ હતું કે જે જમીન કપાતમાં જનાર છે તે અમારા બાપદાદાઓએ અમને વારસામાં આપી છે આ જમીન કોઈ ધર્માદા નથી, જો સરકારને જમીન જોઈતી હોય તો હિંમતનગર અને આસપાસમાં આવેલ ધર્માદાની જમીન લઈને વિકાસ કરવો જોઈએ. જો ૧૧ ગામની મળી હજારો હેકટર જમીન હૂડાના નામે સરકાર લઈ લેશે તો અમારા બાળકો કેવી રીતે જીવી શકશે. જેથી હજુ પણ સરકારે વિચાર કરીને હૂડાનો અમલ રદ કરી દેવો જોઈએ.

આ મહાસંમેલન દરમિયાન કિસાન સંઘે પણ તેમની બેઠકમાં વિરોધ ઠરાવ પસાર કરીને હૂડા રદ કરો આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. આ મહાસંમેલનમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શાન્તાબેન પટેલ તથા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વિપુલ પટેલ સહિત ૧૧ ગામની અનેક મહિલાઓ અને પુરૂષો તથા યુવાવર્ગ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. રવિવારે હિંમતનગર માર્કેટયાર્ડ ખાતે યોજાયેલ હૂડા રદ કરવા માટેના મહાસંમેલનમાં પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણે ઉપસ્થિત રહી જણાવ્યુ હતું કે પ્રજાના ભોગે કોઈ વિકાસ થતો હોય તો તે મને માન્ય નથી. જેથી આ આંદોલનને સફળ બનાવવા માટે હું સતત જાગૃત રહી આગામી સમયમાં યોજાનાર કાર્યક્રમોમાં હાજર રહીશ.

## લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈનનો શપથવિધિ સમારોહ યોજાયો

હિંમતનગર, તા.૫

વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈનનો શપથ વિધિ સમારોહ રવિવારે હિંમતનગરની ઉમિયાવાડીમાં યોજાયો હતો.

જેમાં ટીમના નવા પ્રમુખ તરીકે લાયન બ્રિજેશભાઈ પટેલ, મંત્રી મોહનભાઈ નાયી, લાયોનેસ પ્રમુખ કાજલબેન દોશી, લિયો પ્રમુખ નિતીનભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાબરકાંઠાના સાંસદ, હિંમતનગરના ધારાસભ્ય, સમાજના પ્રમુખ અશોકભાઈ પટેલ, માઈપીઠાચાર્ય અંબાપ્રસાદ મહારાજ, પૂર્વ પ્રમુખ ડી. એલ. પટેલ, અર્ચનાબેન સોની, નિતીનભાઈ પરમાર, ભરતભાઈ શાહ સહિત લાયન અને લાયોનેસ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



### ઢુંઢરમાં બે બળદ ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડ્યા

હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામે શનિવારના રોજ મસુરજી ભાયચંદજી પરમાર પોતાના ખેતરમાં બળદથી ખેડ કરી રહ્યા હતા ત્યારે બન્ને બળદ અચાનક ભડકાતા દોડતા ખેતરમાં આવેલા ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડ્યા હતા. ત્યારે અચાનક બનેલી ઘટનાથી હેબતાઈ ગયા હતા અને બુમાબુમ કરતા આજુબાજુથી લોકો ભેગા થઈ ગયા હતા. પરંતુ બળદ છેક ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડી જતાં લોકોએ ભારે જહેમત કરવા છતાં સફળતા ના મળતાં ક્રેનની મદદથી ઈજાગ્રસ્ત બળદ બહાર કાઢતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. (જય અમીન, મોડાસા)

## ગોલવાડામાં વીજ કરંટ લાગતા એકનું મોત

હિંમતનગર, તા.૫

ઈડર તાલુકાના ગોલવાડા ગામે એક અઠવાડિયા અગાઉ ખેતરમાં લોખંડના તાર નાખી વીજ પ્રવાહ પસાર કરાઈ રહ્યો હતો ત્યારે અચાનક એક શખ્સ તેને અડકી જતા વીજ કરંટ લાગ્યો હતો. જેથી તેનું મોત નિપજયુ હતું. જે અંગેની ફરિયાદ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

ગોલવાડા ગામે રહેતા અમાજી સરદારજી ઠાકોર, દિનેશજી અમાજી ઠાકોર અને રણજીતજી અમાજી ઠાકોરે પોતાના ખેતરમાં ગેરકાયદેસર રીતે લોખંડના ખુલ્લા તાર પાથરી દઈ તેમાં વીજ કરંટ ચાલુ કરેલો હતો. જયાં અચાનક શૈલેષજી લોખંડના તારને અડકી જતા વીજ કરંટ લાગતા તેમનું મોત નિપજયુ હતું. જેથી દિનેશજી ઠાકોર અને રણજીતજી ઠાકોરે લાશને અન્ય સ્થળે ખસેડી દીધી હતી. જે અંગે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હે.કો. સુરેશભાઈ ગોવિંદભાઈએ શનિવારે ત્રણેય જણા વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનેરા નગરપાલિકા અને પોલીસ દ્વારા ટ્રાફિક-સફાઈ ઝુંબેશ હાથ ધરી

### પોલીસે કાયદાકીય રીતે આર.ટી.ઓ.ની ગાડીને પણ કરી ડીટેઈન : પાલિકાતંત્રે વહાલા દવલાની નીતિ અપનાવી

ધાનેરા, તા. ૫

બનાસકાંઠાના ધાનેરા ખાતે આજે ધાનેરા નગરપાલિકા અને ધાનેરા પોલીસ દ્વારા ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં નગરપાલિકાની ટીમે વહાલા દવલાની નીતિ અપનાવતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો તો બીજી તરફ ધાનેરા પોલીસે થાવર આર.ટી.ઓ.ની ગાડી સામે કાયદેસરની કાર્યવાહી કરતા લોકોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી.

ધાનેરા નગરપાલિકા દ્વારા બે દિવસ અગાઉ ધાનેરાને પ્લાસ્ટિક મુક્ત સીટી બનાવવા માટે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું અને તે સંદર્ભે આજે ધાનેરા નગરપાલિકાની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને જાહેર રસ્તા પર વેપારીઓ દ્વારા માલ મુકી દેતા ટ્રાફિક પણ સર્જાતુ હત તે બાબતે પણ ધાનેરા પાલિકાની ટીમ દ્વારા રસ્તા પર રહેલી લારીને પણ ઉપાડી લેવામાં આવી હતી. અને જે દુકાનદારે પોતાનો માલ દુકાનની બહાર મુક્યો છે તેવા દુકાનદારને દંડ પણ ફટકાર્યો હતો. ધાનેરા પાલિકા દ્વારા વેપારીઓને દસ હજારથી પણ વધારેનો દંડ ફટારાતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામી હતી.

# ખેડબ્રહ્મા સીટી સર્વે કચેરીમાં અધિકારીની ગેરહાજરીથી અરજદારો ભારે પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મામાં તાલુકા સેવા સદનમાં સીટી સર્વે કચેરી આવેલી છે. જ્યાં કામ કરતા મેન્ટેનન્સ સર્વેયર અધિકારીઓની વારંવાર ગેરહાજરીને લીધે અરજદારો ભારે પરેશાન થઈ ઉઠ્યા છે અને અધિકારીની નિયમિત હાજરીની ઉગ્ર માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકા સેવા સદનમાં સીટી સર્વે કચેરી આવેલી છે. જ્યાં જમીન સંબંધિત અનેક કામકાજ અર્થે મેન્ટનન્સ સર્વેયર તરીકે અધિકારીઓ કામ કરે છે. આ કચેરીમાં ખેડૂતો પોતાના જમીન અંગેની અરજીઓ કરે છે પરંતુ આ કચેરીના સર્વેયર અધિકારી દરરોજ કચેરીમાં ૧૨ વાગ્યા પછી આવે છે અને સાંજે ૪ વાગ્યાની આસપાસ હિંમતનગર પાછા જતા રહે છે. આથી અરજદારોની અરજીઓનો નિકાલ થતો નથી. જ્યારે અધિકારીઓ વારંવાર હેડ ઓફિસમાં કામ હોવાનું કહી જગ્યાઓ પર હાજર જ નથી રહેતા જેથી અરજદારોને દરરોજ ધક્કા ખાવા પડે છે. એક અરજદારે અન્ય અધિકારીને પુછતા આ બધા અધિકારીઓ ઘર સંસાર લઈને બેઠા છે તો વહેલુ મોડુ થાય ચાલ્યા કરે તેવુ કહી વારંવાર ગેરહાજર રહેતા સર્વેયરોનો લુલો બચાવ કરી રહ્યા છે. આથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે અને સત્વરે જિલ્લા કલેક્ટર વારંવાર ગુલ્લી મારતા સર્વેયરની હાજરી નિયમિત કરાવે તેવી માંગ કરી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં મજદૂર સંઘની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં મજદૂર અને કર્મચારી સંગનું વાર્ષિક સંમેલન યોજાયેલ જેમાં ૫૦૦ થી વધુ કર્મચારિયો જોડાયા હતા.જેમાં આરોગ્ય ખાતાના કર્મચારિયો અને આંગણવાડીની આશાવર્કર બહેનો તેમના પડતર પ્રૌને લઈ રજૂઆતો કરવા માટે જોડાઈ હતી.

મોડાસા શહેરમાં આવેલ ડીપ વિસ્તારમાં ૫૭૧૫ ના રોજ અરવલ્લી જીલ્લા આંગણવાડી કર્મચારી સંગ તેમજ આરોગ્ય કર્મચારી સંગનું વાર્ષિક સંમેલન યોજાયેલ જેમાં જીલ્લાની ૫૦૦ બહેનો એ ભાગ લઈ પોતાના પ્રૌ ને વાચા આપી હતી. આંગણવાડી માં આપતો ગરમ નાસ્તો સખી મંડળ દ્વારા આપવામાં આવતો પરિપત્રનો ભંગ કરી જીલ્લા તંત્ર દ્વારા ખાનગી કોન્ત્રક્તારો ને આપી તગડો નફો કમાવી લેવાની તજવીજ કરી છે,તે રદ કરી એજન્સીઓ ને બજાર કરતા વધુ ભાવ લેવાય છે તે બંધ થાય.અને આશાફેસીલીએટર્સ ને સીયુજી ફોન આપી તે બંધ કરી કાર્યમાં વિક્ષેપ કરવામાં આવે છે.પરંતુ સીયુજી કાર્ડ ચાલુ કરવામાં આવતા નથી તે ચાલુ કરવા.અને બહેનો ને ત્રણચાર માસે પગાર થાય છે તે નિયમિત પગાર આપવો અને વર્કર બહેનોની માંગણી છે કે આઈડેન્ટિટીકાર્ડ કે યુનિફોર્મ આપવામાં આવતા નથી તેની માંગણી ધ્યાનમાં લેવી.બેબે વર્ષ થી કામ કરતી બહેનો ને હજુ સુધી નિમણુક પત્ર આપવામાં આવ્યો નથી તેની માટે પણ માંગ કરવા માં આવી હતી.

આ કર્મચારી સંગ મંડળની માંગણીઓ સંતોષવામાં નહિ આવે તો આગળ જતા ઉગ્ર સ્વરૂપ માંગણીઓ માટે થાય તો નવી ની કોઈ વટ નથી તેનું કારણ એક જ છે નાના કર્મચારીઓ ને અને મહિલાઓનું સરકાર દ્વારા શોષણ શોષણ કરવાની વટ ને વખોડી કાઢી હતી. અને આ અધિવેશન માં **B.M.S.** ના મહામંત્રી અરવીદ પરમાર, વિભાગ્ય મંત્રી હિમ્મતશિહ ભાટી,અને આંગણવાડી ના મહામંત્રી શર્મીષ્ટા જોશી તથા ડો.વિરલ કવિ અને કૈલાશબેન પરમાર જેવા હાજર રહેલ હતા.જયારે સમગ્ર સંમેલનનું સંચાલન પ્રમુખ કરણશિંહ કછવાહ અને મંત્રી કિરણ કવિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આડાહાથરોલમાં સામાન્ય બાબતે ઝઘડો થતાં ત્રણ વિરૂધ્ધ એટ્રોસીટીની ફરિયાદ

હિંમતનગર, તા.૫

હિંમતનગર તાલુકાના આડાહાથરોલ ગામે શનિવારે રાત્રે સામાન્ય બાબતે થયેલા ઝઘડાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયુ હતું. ત્યારબાદ ત્રણ જણા વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં રવિવારે એટ્રોસીટી એકટ અંતર્ગત ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આડાહાથરોલ ગામે રહેતા રમણભાઈ વાલાભાઈ પરમાર અને નિલેષભાઈ રામાભાઈ પરમાર શનિવારે રાત્રે રસ્તા પર ઉભા રહી દાખલો કાઢવા બાબતે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે અહીંથી પસાર થતા ગામના જ મહેન્દ્રસિંહ રજુસિંહ રાઠોડ, કાળુસિંહ દલપતસિંહ રાઠોડ અને નારસિંહ ધુળસિંહ રાઠોડે રમણભાઈ અને નિલેષભાઈને જાતિ વિરૂધ્ધ અપમાનિત કર્યા હતા અને ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ગામમાં વાતાવરણ તંગ બની ગયુ હતું. દરમિયાન નિલેષભાઈ પરમારે ત્રણ જણા વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં રવિવારે એટ્રોસીટી એકટ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ત્રણેય જણાની ધરપકડ કરી લીધી હતી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ઈડર તાલુકાના દિયોલી ગામે બનેલી ઘટનાથી જિલ્લા પોલીસવડા, નાયબ પોલીસવડા અને ગાંભોઈ પી.એસ.આઈ. એ રવિવારે ગામની મુલાકાત લઈને પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

## મોડાસામાં કવિ સંમેલન યોજાયું

મોડાસા, તા. ૫

મોડાસા શહેરમાં ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી આયોજીત અને શબ્દસેતુ સંચાલિત કવિ સંમેલન યોજાયું હતું. જેમાં સાહિત્યકારો હાજર રહ્યા હતા. કવિ સંમેલનમાં કવિઓ પ્રતાપસિંહ રાઠોડ - 'સારસ્વત', ઈશુભાઈ ગઢવી, અરવિંદ ગજ્જર, સલીમ શેખ - 'સાલસ', 'માસુમ' મોડાસવી, રમેશ પટેલ - 'ક્ષ', અરવિંદ ટાંક, ફુલચંદ ગુપ્તા, કાસમ 'જખ્મી', અનંત રાઠોડ, મનીષ પરમાર અને કનૈયાલાલ ભટ્ટે તેમની ઉત્તમ કૃતિઓ રજુ કરી હતી.

મહાલક્ષ્મી ટાઉનહોલમાં કાવ્યરસિકોનું શબ્દસેતુના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથારે સ્વાગત કર્યુ હતુ. જયારે કનૈયાલાલ ભટ્ટ, રાજેન્દ્રસિંહ ઠાકોર તથા મંચસ્થ મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લાના શ્રેષ્ઠ કવિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કવિઓની સુંદર રજૂઆત અને હરદ્વાર ગોસ્વામીના સફળ સંચાલનથી કાર્યક્રમ દીપી ઉઠ્યો હતો. અંતે નિલેષ જોષીએ અકાદમીના ધુરાવાહક ભાગ્યેશ જહા સહિત ઉપસ્થિત ડૉ. અરૂણભાઈ શાહ, બિપીન શાહ, અમૃત પટેલ, સંતોષ દેવકર વિગેરેનો આભાર માન્યો હતો.

## હિંમતનગરની સગીરાનું અપહરણ કરાતા ફરિયાદ

હિંમતનગર, તા.૫

હિંમતનગરના અલકાપુરી વિસ્તારમાં રહેતી એક સગીરાનું ગુરૂવારે એક શખ્સે દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ કરતા સગીરાના વાલીવારસોએ શનિવારે અપહરણકર્તા વિરૂધ્ધ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અલકાપુરી વિસ્તારમાં રહેતી એક સગીરાનું તલોદ તાલુકાના હરસોલ ગામના સમીરમીયા જાકીરમીયા કુરેશી લગ્ન કરવાની લાલચ આપી દુષ્કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. જે અંગે પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતા સમીરમીયા કુરેશી વિરૂધ્ધ શનિવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# હડિયોલમાં જમીન બાબતે મહિલાને માર મારતા પાંચ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૫

હિંમતનગર તાલુકાના હડિયોલ ગામે રહેતી એક મહિલાને શુક્રવારે જમીન પરત લેવા બાબતે અદાવત રાખી માર મારતા પાંચ શખ્સો વિરૂધ્ધ શનિવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. આ અંગેની વિગત એવી છે કે હડિયોલ ગામે રહેતા પ્રેમીલાબેન સાથે કનુભાઈ મગનભાઈ પટેલ, રમેશભાઈ મગનભાઈ પટેલ, તેમનો દીકરો, મનુભાઈ પટેલ અને રાજનભાઈ પટેલે શુક્રવારે આવીને જમીન પરત લેવા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી ગાળો બોલી માર માર્યો હતો તથા પ્રેમીલાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી હસમુખભાઈ મગનભાઈ પટેલે પાંચેય જણા વિરૂધ્ધ શનિવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

## શબ્દાવલી - ૫૭૮૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | |
| ૫ | | | ■ | ૬ | | ■ | ■ |
| ૭ | | ■ | ૮ | ■ | ૯ | | ૧૦ |
| | ■ | ૧૧ | | | | ■ | |
| ■ | ૧૨ | ■ | | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | | ■ |
| ૧૭ | | | | | ■ | ૧૮ | ૧૯ |
| | ■ | | ■ | ૨૦ | | | |

### આડી ચાવી

૧. ખિવૈયો, નાવિક (૪)
૪. અખતરો (૩)
૫. જુગટુ, ચોપાટ, દ્યુત (૩)
૬. મુળ, ધોકો (૨)
૭. .... ના ઝાડને ઘણા વિદ્યાનું ઝાડ પણ કહે છે (૨)
૯. નનામી (૩)
૧૧. યોજના, ગોઠવણ (૪)
૧૩. એક નાનું ફળ (૨)
૧૪. ઘર, ઇમારત (૩)
૧૬. બોલી ના શકે તેવું (૩)
૧૭. શુરવીર, ધૈર્યવાન (૫)
૧૮. રખેવાળ (૨)
૨૦. 'કરવટ' શબ્દ આડોઅવળો (૪)

### ઊભી ચાવી

૧. પર્યુસણ (૪)
૨. બકડીયુ (૩)
૩. વિલંબ (૨)
૪. કારણ, હેતુ (૪)
૮. વિરહ, જુદાઇ (૩)
૧૦. રંગલો (૩)
૧૨. શરદી, સળેખમ (૩)
૧૩. બોલતું ચિત્રપટ, ફિલ્મ (૪)
૧૪. પાછું ન હટવું, ... ન આપવી (૩)
૧૫. કોમળ, મૃદુ (૩)
૧૬. ખુબ, વધારે (૩)
૧૯. અંગ્રેજીમાં આપ કહેવા માટે... કહેવું પડે (૨)

### શબ્દાવલી ૫૭૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) આરાધના (૪) પ્રભાત (૬) માયકાંગલો (૭) ચક (૯) પાલક (૧૦) નવુંસવું (૧૩) મેહ (૧૪) રિસ (૧૬) નારંગી (૧૮) તકવાદી (૨૦) સભરરા (૨૧) ક્ષાર

**ઊભી ચાવી :-** (૧) આળપંપાળ (૨) ધમાચકડી (૩) નાયક (૪) પ્રગટવું (૫) ભાલો (૮) ગાવુ (૧૦) નસીહત (૧૧) સપરિવાર (૧૨) આરંભ (૧૫) સદી (૧૬) નાસ (૧૭) ગીર (૧૯) કક્ષા

# ટાઈમલાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ટ્રાફિક વધતો જાય છે છતાં સરકારી બસની ફિકવન્સી વધારવામાં આવતી નથી, પરિણામે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આજે ૭૫ ટકા મુસાફરો ખાનગી જીપ, રીક્ષા અને છકડામાં બેસીને મોતની મુસાફરી કરે છે. આ પ્રાઈવેટ વાહનો હાઉસફુલ જાય છે. બપોરે એક વાગ્યા પછી તમારે શહેરના કોઈ બસસ્ટેન્ડ પરથી અમદાવાદ જવું હોય તો અઢી થી ત્રણ કલાકનો ઈન્તજાર કરો, પછી બસ મળે છે. ગિફ્ટ સિટીના કર્મચારીઓ માટે અલાયદી લકઝરી સુવિધા છે. સચિવાલયના કર્મચારીઓને લાવવા લઈ જવાની સગવડ સરકારે કરી આપી છે, પરંતુ શહેરની સામાન્ય જનતા માટે માસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા નથી. મેટ્રોરેલ પણ છેલ્લે બાકાત કરી દેવામાં આવી છે. ગાંધીનગરની આ એક કમનસીબી છે...

**સચિવાલયમાં હવે મોદીનો ડર રહ્યો નથી ...**

સચિવાલયની મુલાકાતે આવતો લગભગ પ્રત્યેક ધારાસભ્ય મત વિસ્તારના કામની સાથે પોતાની પર્સનલ ભલામણોની ફાઈલ લઈને આવે છે. એ જાણે છે કે હવે સાહેબ દિલ્હીમાં છે, આપણા પર્સનલ કામો થઈ જશે. અને- થાય છે પણ એવું જ... સીએઓનો સ્ટાફ હોય કે પ્રધાનમંડળનો સ્ટાફ, પ્રજાના પ્રતિનિધિઓના કામો ફટાફટ કરી નાંખે છે. મોદીનો કોઈને ડર રહ્યો નથી. ૨૦૦૨ થી ૨૦૧૩ સુધી જે ધારાસભ્યો ચીફ મિનિસ્ટર ઓફિસમાં જતા ખચકાટ અનુભવતા હતા તે ધારાસભ્યો આજે ચીફ મિનિસ્ટર ઓફસ થી લઈને પ્રધાનોની ચેમ્બરમાં આરામથી પ્રવેશી શકે છે. ધારાસભ્યો એ પ્રજાના પ્રતિનિધિ છે. પ્રજાનો અવાજ સચિવાલયમાં રજૂ કરે તેમાં કોઈ વાંધો નથી, પણ તેની સાથે પોતાના અંગત કામો કરાવે તે જરા સોચનિય છે. મહેન્દ્ર મશરૂ અને કરમશી મકવાણા જેવા પ્રતિનિધિ આજે શોધવા પડે છે...

**૫૦ ટકા મહિલા અનામતની અસર ...**

ગુજરાતના ચીફ મિનિસ્ટરપદે આનંદીબેન પટેલ બેઠા છે ત્યારથી ભાજપનો મહિલા મોરચો ખુશખુશાલ છે. મોરચાની કાર્યકર્તા બહેનોના સચિવાલયમાં આંટાફેરા વધી ગયા છે. ખાસ કરીને મોબાઈલ મેસેજથી સભ્યપદની નોંધણીમાં ભાજપની મહિલા કાર્યકર્તાઓએ જે કામ કર્યું છે તે કાબિલેતારીફ છે. ઘર ઘર પહોંચીને લોકોને ભાજપનો સિક્કો લગાવવાનું કામ મહિલાઓએ પાર પાડ્યું છે. નેતાઓ તો આદેશ કરે છે, પણ ગ્રાઉન્ડવર્ક આ મહિલા કાર્યકર્તાઓ કરે છે. હવે તો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ૫૦ ટકા મહિલા અનામત થતાં આ મહિલાઓ વધારે પાવરફુલ બની છે. ટીકીટની ઈચ્છા રાખતી મહિલાઓ પાર્ટીમાં અત્યારથી જ પોતાના રાજકીય ગુરૂને શોધવાના કામમાં લાગી ચૂકી છે. કેમ ન હોય, મહિલા સશક્તિકરણ એ ચીફ મિનિસ્ટરનો મુખ્ય ગોલ છે...

**સ્ટડી લોન મોંઘી, જોબ વર્ક પણ નહીં ...**

કહે છે કે એજયુકેશન લોન એ બેસ્ટ વિકલ્પ છે, પરંતું આપણી સરકાર કે બેન્કો એજયુકેશન લોન ઉપર સૌથી વધુ વ્યાજ વસૂલ કરે છે. સરકારે હાઉસિંગ લોનની જેમ એજયુકેશન લોનમાં વધારે ફાયદો આપવો જોઈએ, કારણ કે આજે સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં ફી ના ધોરણો એટલા ઉંચા છે કે સામાન્ય પરિવારના મોભી એજયુકેશન લોન એફોર્ડ કરી શકતા નથી. બીજી ખાસ બાબત જોબની છે. દુનિયાના મોટાભાગના દેશમાં સ્ટુડન્ટ્સને સ્ટડી સાથે જોબવર્ક કરવાની છૂટ આપવામાં આવે છે. યુએસએ, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડમાં સ્ટડી માટે ગયેલો સ્ટુડન્ટ જોબવર્ક કરીને પોતાની ફી ના રૂપિયા પેદા કરી શકે છે, આપણે ત્યાં ઈન્ડિયામાં આવું કેમ નથી એવો એક સવાલ પોસ્ટ ગ્રેજયુએશનના એક સ્ટડન્ટે કર્યો હતો. આપણે ત્યાં જોબવર્કને કાયદેસરનું મહત્વ કેમ આપવામાં આવતું નથી, તે એક સવાલ છે. ગુજરાતમાં બીજા રાજયો અને દેશોના સ્ટુડન્ટ ભણે છે, તેઓ કાયદેસર રીતે ક્યાંય જોબ કરી શકતા નથી. તેમને જો પરમિશન આપવામાં આવે તો તેમના વાલીઓને ઉંચી ફી ચૂકવવામાં રાહત મળી શકે છે...

**પાસવર્ડ યાદ રહેતા નથી, ડોન્ટ વરી ...**

એક વ્યક્તિ કેટલા પાસવર્ડ યાદ રાખી શકે?.. ઈમેઈલ, ફેસબુક, ટ્વિટર, ઓનલાઈન બેન્ક એકાઉન્ટ, એટીએમ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, મોબાઈલ ફોન જેવી ઈલેક્ટ્રોનિક આઈટમોના જમાનામાં કેટ કેટલા પાસવર્ડ બનાવવા અને એને યાદ રાખવા.. અને જો ચોરાઈ જાય તો આવી બન્યું સમજો..!! હવે એવી નોબત નહીં આવે, કારણ કે બ્રિટનની એક ટેકનોલોજી સંસ્થાના નિષ્ણાંતોએ એક બીજામાં ભેળસેળ ના થાય તેવા અલગ અલગ ભાવ દર્શાવતા ૪૪ જેટલા ઈમોજીસ તૈયાર કર્યા છે. આ પદ્ધતિના શોધક ટોની બુઝાન છે અને તેમનો દાવો છે કે પાસવર્ડ હેક થવાની ઘટનાઓ સામે ઈમોજીસને સહેલાઈથી હેક કરી શકશે નહીં. બીજો મોટો ફાયદો એ છે કે લોકોએ ચિત્રો કે ઈમેજ યાદ રાખવાની રહેશે. આ પદ્ધતિમાં આંકડા કે અક્ષરો નથી. બ્રિટીશ બેન્કો ઓનલાઈન ટ્રાન્ઝેકશન માટે આ ઈમોજીસ યુક્ત પાસવર્ડ દાખલ કરવાની તૈયારી કરી રહી છે જેનો વિસ્તાર ખૂબ નજીકના ભવિષ્યમાં થવાનો છે...

**ત્રણ ઇમારતો-નિર્ણય શક્તિનો પૂરાવો ...**

સરકારના પ્રધાનો અને ઓફિસરો પાસે નિર્ણય શક્તિ હોય તો શું ના થઈ શકે?... ગાંધીનગરમાં ત્રણ પ્રોજેક્ટના ઉદાહરણ મોજૂદ છે જે ખૂબ જ ઓછા સમયમાં પાર પડ્યા છે. તત્કાલિન ચીફ મિનિસ્ટરની નિર્ણય શક્તિ ગજબની છે. ધાર્યું કામ કરે છે. સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષમાં કોઈ સરકારને યાદ ના આવ્યું તેવું મહાત્મા મંદિર બનાવવાનું કામ મોદીએ કર્યું છે, અને તે પણ ૧૮૨ દિવસના ટૂંકાગાળામાં તેનું ઉદ્ઘાટન પણ કરી નાંખ્યું હતું. ૫૦૦ કરોડનો ખર્ચ કર્યો હતો. મોદીએ બીજું કામ મિની સચિવાલય બનાવવાનું કર્યું. અને એ પણ સચિવાલય અને વિધાનસભાની વચ્ચે, જેનું નામ સ્વર્ણિમ સંકુલ આપવામાં આવ્યું અને તેમાં ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. ત્રીજો મહત્વનો પ્રોજેક્ટ ગિફ્ટ સિટીનો છે. સાબરમતી નદીની કોતરોની જમીનને સમથળ કરીને પૂરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ગિફ્ટ સિટીના બે ટાવર ઉભા કરી દીધા છે. પહેલો ટાવર તો ૧૦૦ થી વધુ દિવસમાં પૂર્ણ થઈ ગયો હતો. આ બન્ને ટાવરમાં સરકારે ૧૮૧૮ કરોડનો ખર્ચ કર્યો છે. આ ત્રણ પ્રોજેક્ટ એકલા ગાંધીનગરમાં છે અને તે બીજી સરકારો માટે ઉદાહરણરૂપ એટલા માટે છે કે જેના નિર્માણમાં ૨૦૦ દિવસ પણ થયા નથી...